THE SURAT ST. JOHN DRAMATIC CLUB.



SONGS

of the

7th Charity Performance.

Under the patronage of

The Hon: Mr. F. G. Pratt

Commissioner, N. D

AHMEDABAD

11th February, 1917.

(Shaherevar Jashan Parsi Holiday.)

ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ

ઈશ્વર પ્રાર્થના.

(" Home, Sweet Home "—એ રાહ.)

[અષં અથવા અષોઇ=પવીત્રાઈ. અષો=પવીત્ર. અહુર=ઇશ્વર]

અશોઇના સરદાર, અષો અહુર તારી યાદ,
સાથ આરંભીએ આજ, અમારા રોજના કામકાજ;
અષોઈજ પર રચવા, તમામ એ કામોનો આધાર,
મદદ હમને દેજે, જગતના મહા દયાળુ બાપ.

અષ અષ સર્વોત્તમ અષ,
અષ હર કામમાં બક્ષ;
અષ હમને હરદમ બક્ષ.

તનને અષો રાખી નીરોગી બનવા બુદ્ધિ આપ,
મનની અષોઇમાંથીજ સઉ સુખ પ્રાપ્ત કરતાં શીખાડ;
તનમનના અષથીજ, આત્મા ખીલશે આપોઆપ,
વૃદ્ધી જગમાં કરી તને પહોચવા થશે તૈયાર.
અષ, અષ સર્વોત્તમ વિ.

—:આવકાર:—

સન્નારીઓ અને સદ્ગ્રહસ્થો,

આજ સાંજની હમારી પહેલી ફર્જ, **ઈશ્વર પ્રાર્થના** પુરી થઇ છે અને ખેલ શરૂ થાય તે પહેલાં અમારી જે બીજી ફર્જ છે તે બજાવવા રજા લઇએ છીએ. તે ફર્જ, સન્નારીઓ અને સદ્ ગ્રહસ્થો, તમો સર્વનો આજ રાતની હાજરી અને આશરા માટે ઉપકાર માનવાનો છે.

આજનો ખેલ શિક્ષકો અને વિદ્યાર્થીઓ તર્ફનો છે. અમો તમને ભાર મેલીને ખાત્રી આપ્યે છીએ કે જે રીતે ખેલ હાલ તમો સનમુખ રજુ થશે તેમાં નીતીના કાનુનોથી વિરૂધ તેમજ નિર્દોશ રમુજ સિવાયનું બીજું કાંઈ પણ તમો જોશો નહિ. એથી ઉલટુંજ, "**નાટક એ નીતીની નિશાળ છે**" એ પ્રખ્યાત વાકય ખરો પડેલો તમો જોશો.

"**એકટીંગ**" એક હુન્નર છે,—કેળવણીનો એક ભાગ છે—અને તેના ફકત તે **એકજ સ્વરૂપમાંજ** "એકટીં-ગ" ને પીછાની આ ખેલ અત્રે રજુ થતો તમો જોશો.

અમારા આ એક ખેલથી ફંડને મસ મોટો ટેકો મળી જવાનો એવો હમારો દાવો નથી. પણ આટલી જેહેમત ખે-

ચી અમારો ગમે એટલો પણ નાનો ફાલો આપવાની મત-
લબ એટલીજ છે કે દુન્યામાં અમારી ફર્જો ખુશી અને
ઉલટથી બજાવવાનું અમો પણ શીક્ષણ લઈએ અને હુન્નર
અને ગમ્મત મેળવવા સાથે તે ફર્જ બજાવી સંતોષ હાંસલ
કર્યે; અને આવી અમારી નેમો અને કોશીશોમાં અમને ઉ-તે-
જન દેવા માટે અમો એકવાર ફરી સર્વ સજ્જનોનો આભા-
ર માનીયે છીયે.

જેમ્હ:— ૨

મુરખ ન સમજે સત–પ્રેમ મોજ,
છે સૌથી મીઠી જામ મ્હોબતી,
પીવો પ્યારાં રોજ રોજ.—૧
સરસ પદ સુપ્રિત જરૂર બખશશે,
અર્પણ બસ દિલ, ખુશ થઇ કરશે;
મ્હોબત ઝટ પરખી–થઈ દિલસોજ.—૨
કબુતરના માળામાં તેમજ સિંહ ગુફામાં દેખો,
કુલ કુદરતમાંથી લેખો;
જે જન સત પ્રીતિ ન પિછાણે જે એની ખુબી નહિ જાણે
ત્હેને પશુથી બદતર માને,
કુલ દુનિયા ફિરોજ.—૩

જેમીઃ— ૩

પ્યારા પૈસા પૈસા ! ! તુજ બલિહારી ખરી રે,
તું સાચો નીમ ખુદા,
હારે તુજ પર છે સર્વ ફિદા,
જગ સરદારી ઠરી રે.
પૈસે આઈ પૈસે બાઇ–પૈસે સર્વ સગાઇ,
પૈસાને સૌ માન પાન ને પૈસે મોજ સવાઈ.
પૈસાએ જોની ! સઘળી ન્યામત ધરી રે.

દીનશાઃ—

પૈસે પાપો પૈસે શ્રાપો—ઇજ્જતની ધુળ ધાણુ,
પૈસો બુરો ચશમ ચોર છે—પૈસો બેઈમાન;
પોતાના મારે હાય, જીવતાં મરી રે,
નાકર ! પૈસા પૈસા ! ! પૈસે પાપો કરી રે,
દોજખમાં પડયા લાખ–હાંરે પામ્યા લાનતની રાખ,
લઈ બદનામી ખરીરે.

જેમીઃ—

પૈસાએ પુજાય પનોતો—પૈસે રૂડું નામ,
પૈસો ફાંસીથી છોડાવે–પૈસે પળમાં કામ;
પૈસાના પુણ્યે જાશો ભવ જળ તરીરે,
પ્યારા પૈસા ! પૈસા ! ! ઈ૦

દીનશાઃ—

પૈસો પૈસો ના કર ! એ તો બે ધારી તલવાર,

સવળી ફરતાં બહેસ્ત મળે—અવળી એ દોજખ ગાર;
ફીરોજ કહે છે વાવે તેવું, લ્યો ભરીરે.
ના કર! પૈસા!! ૭.

જેમી:— ૪

ફિસાદખોર આ જો જહાન મત્લબી બને,
ફરેબ જ્યાં જુવો ત્યાં રહયો છે રમી;
ગમે છે એક બસ માહરીજ ખુદ ખુદી મહને,
સલામતી સેવકની, કાં ન લું નમી નમી?

(કોરસ) પીલે પીજા! રે પીજામ!
ટાંસ ટાંસ! કહાડ બસ કલામ નેક! નેક!
ચાલ વ્હીસ્કિ બ્હારમાં—ગજાવિયે મુકામ!
ચ્હાઇયે સલામતી, દરેક એક એક.

દીનશા:—

નહી નહીં જહામાં અજીજ જન અનેક છે,
ન તોય કોઈ માશુક સમ ગમે;
ખરે સલામતી તેહનીજ એક નેક છે,
સદા સુખી રહો માશુકો ત્હમે.
(કોરસ)

માકો:—

સલામતી ચ્હાઉં વ્હીસ્કિના બનાવનારની,

કદી ન તે અરે શોધ કહાડતે;
અરે ત્યહાર તો બાટલી ઉઠાવનારની,
દશા ફિરોજ કહો કેહવી થતે ?
(કોરસ)

૫

Rule Britannia—એ રાહ.

સર્વ—જેમ શુક્ર ઉગતાં બ્રેસ્પત મારે ઝંખ.
ચંદ્ર દીપતાં બેઉ કરે નમન,
દીપતાં દીપતાં દીપતાં સઉ ગ્રહો કરે નમન,
જેમ સૂર્ય જીતે-જીતે આકાશી જંગ,
તેમ બ્રીટીશ રાજનો હિન્દમાં રંગ,
{ જય બ્રીટેન્યા, બ્રીટેન્યા સાચ કાજ, કોરસ
{ હિન્દમાં કાયમ કરજે રાજ.
બહાદૂર કલાઈવનો રાજ પાયો,
મજબુત 'સ્તીંગ્સે બનાવ્યો,
મજબુત મજબુત મજબુત હેસ્તીંગસે બનાવ્યો,
કમ્પનીએ અમલો-અમલો ત્યાં ચણાવ્યો,
વિકટોર્યાએ શણગાર્યો. કોરસ (૨)

દિલસોજ દિલના એડવર્ડ રાજ
દિપાવી ગયા તે મહાલ,
દિપાવ દિપાવ દિપાવ્યો હિન્દી મહાલ,

દિલસોજી દીવા-નો થઇ રહ્યો ચળકાટ,
જ્યોર્જ જાદા કરશે ઝળકાટ.

કોરસ (૩)

દીનશાઃ— ૬

આવું અતેરૂં કેમ ચાલે ? સમજ અરે નાદાન !
છોડી ભલી સુધ બુદ્ધ, લે બેઠી છે કાંય તુફાન ?
નાવાળ તુ નખ્ખોદ આ ભુમીનું ઓ પાપી !
નારાજ, ના કર કિરતારને, દુન્યાને દુઃખ આપી.

કોરસ { સત્તા સામે ફાવશે શું ? ત્હારી સરજોરી ?
{ ઓ કુર જર્મની ! અરે ના લે પાપો વ્હોરી ?

હદમાં રહીને માગ ! મળશે ! રાખ મધુરી વાણી !
મળશે ન ભોજન, માને કેહેતાં " બાપાની આણી "
છોડી બુરાઇ લાગ તુ ! જગતનાં હિત કાજે !
જ્યાદા ફિરોજીમંદ કર તું ! અદલ બ્રિટિષ રાજે.

(કોરસ)

Mako:— 7

For I am a Jolly-good-fellow (3)
And so say all of them.

Jami &
Dinshaw

And so say all of us (2)

For he is a jolly-good fellow (3)
And so say all of us.

Mako:—

With a hip-hip- - - -

J. & D. Hoooreh! (2)

Mako:—

For I am a jolly-good-fellow (3)
So donkeys "bray Hooreh".

ખસુખાંજી:— ૮

સમજ સમજ હિકરા-માન દેઇ માન લે!
વડિલને નમી જરા-માન દેઇ માન લે.
નહિજ દામ કૈં પડે-સાથ આબરૂ જડે;
ચતુર ને ગુણી ખરા-માન દેઇ માન લે.
અસલ વખત તો ભલો-આય જમાનો બળો;
અકડબાજ છોકરા-(ન) માન દેઇ માન લે.

જેમી:—

ફિરોજ જવાન જ્ઞાનથી-રીજશ સ્વમાનથી;
કૅમ થતાંજ આકરા-થઈ કદી ન માન દે.

ખસુખાંજી:— ૯

સમજ બાનુ સદા કરશે ત્હને આબાદ શાદી;
ખુદાનો હુકમ છે કે કર બસર દિલ શાદ શાદી.

ખુશ થઈ જહેના ગુલ્શનને શમર ભરપુર કર તું
ફરજનાં ફર્જની દેતી નથી શું યાદ શાદી ?

જેમી:—

મિસાલે સોરતી ફીરોજ, શાદી હાલની છે;
મળી જો કર કશા તો થઈ જશે બરબાદ શાદી ?

માકો:—

અરે ઓ જૈક, ત્હારો એક પગ તો ઘોરમાં છે,
સમજ કમબખ્ત, શું લેશે ત્હારી દાદ શાદી ?

જેમી:— ૧૦

ગુનિયનકે દરબાર ખડી મૈ,
ઠાઠ અસાવરી સ્હાજ મિલાયો;
અત કોમલ ગંધાર ખડી મૈ—ગુનિયન
રેખબ બાદીની સમબાદી,
સ્વરોહનમેં ધૈવત છાંડયો;
દ્રુત આરોહન ગાકો બજાવત,
નીપ કરત મનહાર ખડી મૈ.—ગુનિયન

માકો:— ૧૧

પુરી બડબડ, ગડબડ સડબડ જામી આજે એક,
આ હા ! વાહવા ! જી અરે વાહવા !

સંધા ફુસ્યા બન્દા હુસ્યા, બન્યા એકે એક,
ઠિક થઇ માસી અચ્છી ખાસી, રાખી મ્હારો ટેક.

અરે વ્હા ! વ્હા ! વ્હા ! અરે રંગ છે ખરો,
અરે હા, હાં, હાં, અરે ઢંગ છે ખરો,
અરે વ્હા : એક વ્હા ! તુ તો તો નંગ છે ખરો;
અરે રંગ છે જંગ છે, હા ! હા ! હા :
} કોરસ

II

માકો:— ૧૨

જગતમાં જ્યાં ઝઘડો ભારી–ભિતરમાં ત્યાં જોશો
નારી–જગમાં
રહે મર્દના જો સમ્પે–જનના સમ્પે નહિ ઝમ્પે,
ધરાએ મન તો કુસમ્પે–પ્રપંચો જોતાં દિલ કમ્પે;

(દોહરો)

સુણતાં રૂડાં બાનુઓ, ના કરતાં કૈ રીસ,
પણ ગુણવન્તી નાર તો, મળશે સોમાં વીસ:-
ખરી છે ત્હેની બલિહારી-ભિતરમાં ત્યાં જોશો નારી-જગતમાં

ચલાવે જળ પાતાળ ફોડી–ઉપરથી મોરી તો કોરી.
બની ફુલ ગુલ્લાલા જોડી—ગળે નાખે ફાંસી દોરી,

હાસબદારૂઃ— ૧૩

કામની શું કેળવણી ટમામ શીખીને બૈરાંઓએ
વારી મોહુકાન (૨)
આટલી આટલી હુકટીઓ તો ઈટરઇ ઈટરઈ જાય
આંગલી લાગતાં શીકી પરે ભાઈઃ(2) એ ટે શું કહેવાય
હાયરે વાળી મોહુકાણુ
શનાવારાની દીકરીને મમરા વારાની વહુ
લારે લારે શાલે તેને ટપલા મારે શઉ—હાયરે વાંળી મોકાણુ
બોરટોકના બુટ ને ભઈ ભેશાનીઆની શારી
માયજી તો ભાઈ હાંસ્તાં ઉઝારે, બાવા હાંકે ઘોડા ગારી
હાયરે વાલી મોહુકાણુ

શીરીનઃ— ૧૪

રોશન વિના હુ દિવાની થઈ,
મ્હારી સુધ બુધ સારી ગઈ વિસરઈ—પ્યારા
રાત દિવસ મ્હારો જીવડો ઉદાસી,
ચાતક સમ હું પ્રીતીનીજ પ્યાસી,
ખુશ છું હું "રોશન" ને દિલ દઇ—રોશન.

ખસુખાંજીઃ— ૧૫

પ્યારી લગાર દયા લાવો,
ન એમ મ્હને નાહક સતાવો—પ્યારી.

તું ગુલ ખરૂં, હું બુલ બુલ છું કેહમાં હું બિલકુલ;
ના કસ મ્હને એ સુમ્બુલ છું નાતવાન ચંડુલ.
છું અધ મુવો, જરા તરસ ખાવો—પ્યારી.
પતંગ છું બતંગ, કરૂં જંગ દિવા સંગ;

માકો:—

અરે વીટી પરના નંગ છું હુ દંગ જોઇ ઢંગ.

ખસુખાંજી:—

વાહા પ્યારી નુરી નારી, શોભે સારી, ન્યારી પ્યારી,

માકો:—

જાઓ ચકરમ, અગરમ, બગરમ રકાસ કર કમ, નહી
તો જા જહુનમ !

ખસુખાંજી:—

લટકો ને મટકો ને ખંટકો નીરાલો, નાજુક નવેલી,
રૂપાલ લાલ લાલ ગાલો, નાગ રૂપ બાલો,
કુરબાન રોશન થયો છે ખસુખાન,
વ્હાલી, ન મનમાં મુઝાવો-પ્યારી.

All 16

Its a Long Way to Tiperary.

Up to mighty London came an Irishman one day,
As the streets are paved with gold sure every
one was gay,

Singing songs of Piccadilly strand and Leicester square,
Till Paddy got excited then he shouted to then there:—

Refrain.

"It's a long way to Tiperary
It's a long way to go,
It's a long way to Tiperary
To the sweetest girl I know?
Good-bye Piccadilly, Fare-well Leicester square
It's a long long way to Tiperary
But my hearths right there"?

II Paddy wrote a letter to his Irish Molly O,
Saying should you not receive it, write and let me know?
If I make mistakes in "Spellings", Molly dear said he
"Remember it's the pen thats bad, don't lay the blame on me.

Refrain.

III Molly wrote a neat reply to Irish Paddy O,
Saying Mike Molloney wants to marry me and so,
Leave the strand and Piccadilly or you'll be to blame,
For love has fairly drove me silly hoping you're the same.

Refrain.

કાઉકાકરી:— ૧૭

નર સુરો, નર પુરો, સમજો ધરી કાન !
દોરમાં તોરમાં જવાન બે ગુમાન;
ગાનમાં તાનમાં સાચો કદરદાન
આજનો હું છું તાન સેન ખાન;
ખરૂં સજાત ખાનદાન—નર સુરો,
છું હું કોણ જાણો જરા પીછાણો
અરવીંગ નામી, જરા ન ખામી,
ખરૂં સજાત ખાનદાન.—નરસુરો,

૧૮

કાઉકાકરીઃ—

જીવના જીસ્મા પર પ્યાસો છું, લેવા જીવ શયતાનનો,
સરપર ખેલી ઉલ્લુને ગભરાવી મારૂં, ડબ્બાને ડબરાવી મારૂં,
ચકરમને ચકરાવી મારૂં, ગધ્ધાને ગુંગળાવી મારૂં,
ડામીજને બંધાવી મારૂં, ફાંસીપર લટકાવી મારૂં,
ગરદન મારૂં સર દન મારૂં.

III

૧૯

માકોઃ—

હું નથી જાણુતો—હું નથી માનતો,
શાને સારૂ—કહો વારૂ—રડતી સુરત થઈએ,
જહાંન જંજાલે—રંજની જાલે,
આવ્યાં રડતાં—શું રડતાં—તેથી પાછાં શું જઇએ.
હસી હસી સઉ તમે—રહો ખુશીમાં
મઝા કરો ખુલ ખુલો સમંગમાં
લાભ પામ્યા બહુ હસ મુખા સઉ—નથી જાણુતો.

૨૦

દારાબદારૂઃ—

ઝરા માનો ઓ નામદાર બાનું દમામદાર રોશન
ખિદમતગાર ત્હારો,
અરે આપુ હુ ઝાન આય માહરો, અરે નાહુક ન નેકનામ
મારો—ઝરા માનો.
મને મારી કટારી, બે ધારી, શું કહું ઓ ઘાતકી યાર !

હાય! હાય! નાકર ખુવાર! દોસ્તદાર!
ઝાન ઝરા આવો, ન આવો શખત દિલ,

મેનુ:—

દારાબ, શરમાવો ન એમ ગોટું ખાવો, લજાવો ઘર
જાઓ, ને સોચી કરો કામ.
નહીં તો પસ્તાશો ગભરાશો ગમ ખાશો ને કુતરાને
મ્હોંતેજ મરશો તમામ!

દારાબદારૂ:—

હાર કરો હાર, પ્યાર કરો પ્યાર,
માનઝો ને ઝાનઝો શું નેક નામદાર—ઝરા માનો.

૨૧

"The Spring once said to the nightingale" અથવા
"હવે આ તાઝ ખરી બેઠી" એ રાહ.

સર્વ—

સખાવતના ખુદાઈ સદગુણ,
સાથ અવતરે જે વીર પુરૂષ;
સદા જગમાં તેનાં નામ નુર,
સૌ યાદ કરે અહેસાનથી પુર.

(કોરસ) { સર જમશેદજી જીજીભાઈ
પેહેલા બેરોનેટની આજ;
હર્ષસમ હેતથી, જય જય ગાઈ,
ત્રણ ત્રણ કર્યે હર્ષ નાદ. }

3 Cheers

સફળ તેની સફર છે હયાં,
સબળ સદા રહે તે ત્યાં
હાજત નહિ જાણે તે જગમાં
જગત પણ ફેરવે સ્વર્ગમાં — **કોરસ** Cheers

શ્રષ્ટિ તે બાગ, માલીક કિરતાર
ઇનસાન તે માલી પગારદાર
સમજીને સારથી આ વાત
સખી નરની કરોએ વાખ વાખ

કોરસ Cheers

નાજાબાઇ નસ્રકોરૂં:— ૨૨

હાઃ બાગ રચ્યો વન માલી તમે
હું તો હોંસે જોવા આવીરે—બાગ.
ગાય ફુલો સઉ બુલ બુલ સંગે
થાય મગન બહુ બહુ નવરંગે;
ફીરોજ તુજ ચિત લાવીરે—બાગ.

માકોઃ— 23

Bunk-a-doodle I do bunk-a-doodle-aye.
Always do as I do never be a jay.
And when you see the foe comes.
Take your hook away.
Bunk-a-doodle, oodle-Dodle, bunk-a-doodle aye

કબીરી પદ. ૨૪

સર્વ—

સર જમશેદજીનું કામ પ્યારૂં હરદમ હમને લાગે,
એ શુરવીર વિરનું નામ ન્યારૂં હૈયે કેમ ન ધાએ,
એનું હાંધેલું જ્ઞાન દાન ચિત્તને ચોપડે કેમ ભુસાએ,
એના વિદ્ય વિદ્ય વિદ્યા ધામ એની કિર્તી કેમ ન ગાએ.
હે માનવ જો ઇશ્વર તને ધનથી નવાજે,
તો પહેલા સર સમ શૂરો થઇ તે વાપરજે સકાજે.
એનું કામ પ્યારૂં.
તન મન કે ધનથી જન સેવા જે જન બજાવે,
તે સર જમશેદ સમ અમર બની મોત ઉપર પણ ફાવે
એનું કામ પ્યારૂં.

૨૫

સર્વે—

છેયે હમે જરથોસ્તી—રે મજ દયસ્ની નેક,
કુલ જહાંન સાથે દોસ્તી રાખ્યે નીભાવ્યે ટેક;

મુઠ્ઠીજ ભર આ ટોળો સૌ ઇલ્મનો સણુગાર
રે બોલ બાલા બોલો તેની સઉ નર ને નાર
{ ઓ તોખમ કયાની ઓ જગ મશહુર
{ ઓ સઉ સદ્ ગુણમાં સાચીને ભરપુર;
કાયમ રહી જાળવજે સુભ તુજ જોમ,
આબાદી સાથે તુઓ પારસી કોમ.
જહેની વફાદારી પર પડયા નથી કઇ ડાઘ
યુનીયન જેકની યારી પર લડશે મિશાલે વાઘ;
નિમકહલાલી જામી તે પર બની દિલ સોજ,
આ ફ્ઐજ આજે પામી—ખુશ થા તું ઓ ફિરોજ (કૌરસ)

૨૬

સર્વે—

જય જય ગ્રેટ બ્રીટનની જય.
જય જય ગ્રેટ બ્રીટનની જય.
જય જય ગ્રેટ બ્રીટનની જય.
પુકારતા જઇએ ઘેર.
સર જે. જે. ઇંગ્લિશ સ્કુલના સર્વ ચેલાઓ હમે,
સુરતની સર જે. જે. સ્કુલના ચેલાઓ હમે,
સર જે. જે. ઇંગ્લિશ સ્કુલના સર્વ ચેલાઓ હમે,
જય પુકારતા જઇએ ઘેર--જય જય ગ્રેટબ્રીટનની જય

હાતમ મનથી સેવા હમારી કરી છે અનેક
યાદો તેની દિલમાં રાખી હૈયેં ધર્યે હેત
ઉજવી આજે હાંસે હાંસે "એમપાયરસ ચીલડરન્સ ડે"
જય પુકારતા જઇએં ઘેર જય જય ગ્રેટબ્રટનની જય

સુખ તેને છે સુખ જેનેથી બીજાને મલે
જાનદારની જેહાનમાં જન્મી વૃદ્ધિ જે કરે
આશીષ હમારો, આશીષ હજારો બેહજીઅમને ફળે
જય પુકારતા જઇએ ઘેર જય જય ગ્રેટબ્રીટનની જય—

GOD SAVE THE KING.

The History of the Great War in a Small Nutshell.



(Air :— "It's a long way to Tipperary.)



શેકચલ્લી ઉવીલહેમે બાંધ્યો હવામાં કીલ્લો:—
" એ પાંચ દીનમાં બેલજયમ માર્ગે પેરીસ પુગીશ હો !
" ફ્રાંસને ખુબ ખખડાવી પછી રશ્યા કરીશ જેર ! !
" બ્રીટનને બેહેકાવી બનીશ દુન્યાનો માલેક ! ! ! "

Refrain.

પણ તે કરકતી કીલ્લેબંદી
ખરખરખર ખરતી ગઇ;
મીઠા સ્વપનાની નીંદ લાંબી
કએસર કાકાની ઉડી ગઇ.

રામ રામ જગ શેઠાઇ,
રામ રામ જહાન મોટાઇ;
તાગડો તો રચ્યો'તો ઠીક ભાઇ,
પણ વળ્યું નહિં કાંઇ.

Quixotic Wilhelm once built a castle in the a

" First, marching through Belgium, I will reach Paris in a few days ! Then, after completely weakening France, I will subdue Russia ! ! And lastly, befooling Britain, I shall become the master of the world ! ! ! "

But the rickety fortification crumbled down gradually and H. I. M. the Kaiser woke up from his long sleep of sweet dreams. Good-bye world's mastery ! Farewell universal dictatorship ! ! The plan was well dreamt; only it could not work !

Published by:—
Manek Naoshirwan, from Shahpore-Surat.

Published by:—
Moolchand Kasondas Kapadia at his 'Jain Vijaya' printing press, near Khapatia Chakla,
Laxminarayan's wadi-Surat.